આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:-૨૦-૧૦-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

# રાષ્ટ્રપતિ-રાષ્ટ્રીય જળ પુરસ્કાર

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આ મંગળવારે નવી દિલ્હીમાં પાંચમા રાષ્ટ્રીય જળ પુરસ્કાર-2023 એનાયત કરશે. કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયે નવ શ્રેણીમાં 38 વિજેતાઓની જાહેરાત કરી છે. જેમાં શ્રેષ્ઠ રાજ્ય, શ્રેષ્ઠ જિલ્લા, શ્રેષ્ઠ ગ્રામ પંચાયત, શ્રેષ્ઠ શહેરી સ્થાનિક સંસ્થા, શ્રેષ્ઠ પાણી ઉપયોગકર્તા સંગઠન અને શ્રેષ્ઠ સિવિલ સોસાઇટીનો સમાવેશ થાય છે. શ્રેષ્ઠ રાજ્યની શ્રેણીમાં ઓડિશા પ્રથમ, ઉત્તરપ્રદેશ બીજા, ગુજરાત અને પુડુચેરી સંયુક્ત રીતે ત્રીજા સ્થાને છે. દરેક પુરસ્કાર વિજેતાને પ્રશસ્તિપત્ર અને ટ્રોફી તેમજ રોકડ પુરસ્કાર અપાશે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, સરકાર જળ વ્યવસ્થાપન અને જળ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે રાષ્ટ્રીય સ્તરે એક વિશાળ અભિયાન ચલાવી રહી છે. દેશભરમાં સમૃદ્ધ ભારતના સરકારના ધ્યેયને હાંસલ કરવા માટે કામ અને પ્રયાસ કરતા લોકો અને સંસ્થાઓની રાષ્ટ્રીય જળ પુરસ્કાર માટે પસંદગી કરાય છે

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

------------------------------------------------------------------------

# પશુમેળો

ભુજ તાલુકાના બન્નીના હોડકો ખાતે બે દિવસીય પશુમેળાનો પ્રારંભ થયો છે. જેને ભુજ વિધાનસભા બેઠકના ધારાસભ્ય કેશુભાઈ પટેલના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પશુમેળામાં ભેંસ તંદુરસ્તી, ભેંસ દૂધદોહન, પાડા તંદુરસ્તી, ગાય તંદુરસ્તી, વગેરે હરિફાઇઓનું આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એશિયાના સર્વશ્રેષ્ઠ ઘાસિયા મેદાન બન્ની ગ્રાસ લેન્ડના હોડકો ગામ પાસે બન્ની પશુ ઉછેરક માલધારી સંગઠન દ્વારા દર વર્ષે પશુ પ્રદર્શન અને જુદી જુદી હરીફાઈઓનું આયોજન કરવામાં આવતું હોય છે. આ પશુ મેળામાં બન્ની વિસ્તારના 40થી પણ વધુ ગામોના માલધારીઓ પોતાની બન્ની નસ્લની ભેંસો તેમજ કાંકરેજ ગાયોને અહીં યોજાતી વિવિધ હરીફાઈઓમાં ભાગ લેવા માટે તેમજ ખરીદ વેંચાણ અર્થે લાવે છે. આ વર્ષે પણ પશુઓને પ્રદર્શનીમાં રાખાયા છે. રાજ્યના જુદા જુદા વિસ્તાર તેમજ દેશના અન્ય પ્રાંતમાંથી પણ લોકો આ પશુમેળામાં આવે છે.

**(NP/અશરફ નથવાણી)**

---

# લીવીંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર

લીવીંગ એન્ડ લર્નિંગ ડિઝાઇન સેન્ટર એલ.એલ.ડી.સી. અજરખપુર ખાતે કલાપ્રેમીઓ માટે આગામી તારીખ 22મી થી વિવિધ નવા આયામ ઉમેરાઈ રહ્યાં છે.

વિવિધ ભરતકામ કરતી જ્ઞાતિઓ પૈકી મુતવા સમુદાયના ભરતકામની વિવિધતાઓ, લાક્ષણિકતાઓ, ગુણવત્તાઓ અને શ્રેષ્ઠતાને સન્માન પ્રદાન કરવા, તેને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ અપાવવા, ક્રાફ્ટ મ્યુઝિયમમાં કાર્યરત ગેલેરીમાં `બન્નીમાં વસતા મુતવા સમુદાયનું ભરતકામ' પરનું પ્રદર્શન ખુલ્લું મુકાશે, તે સાથે કચ્છની પ્રખ્યાત હસ્તકળાઓ ભરતકામ, માટીકામ, ચર્મકળા, ખરડ, ધાતુકળા, મોતીકામ અને બ્લોક પ્રિન્ટ વગેરેની ઉત્કૃષ્ટ વસ્તુઓની લોકો ખરીદી કરી શકે તે હેતુથી મ્યુઝિયમ શોપનો પણ શુભારંભ કરાશે.

**(NP/ અશરફ નથવાણી)**

---

## પોલીસ દ્વારા નાઈટ કોમ્બિંગ

પૂર્વ કચ્છના રાપર અને ભચાઉ તાલુકાના પોલીસ મથકો દ્વારા ગુનાહિત પ્રવૃતિ ડામવા રાપર ખાતે નાઈટ કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં દારૂ, જુગાર, વાહન ચેકીંગ તથા અસામાજિક તત્વોની તપાસ કરવામાં આવી હતી.

કોમ્બીંગ દરમ્યાન કુલ-23 ગુનાઓ દાખલ કરી 18 આરોપીઓની ધરપકડ કરાઈ હતી અને 9 વાહનોને ડીટેઈન કરવામાં આવ્યા હતા. તમામ આરોપીઓ સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરાઈ હતી.

**(NP/અશરફ નથવાણી)**

---

## વરસાદ

કચ્છના વાતાવરણમાં આજે રવિવાર બપોર બાદ ફરી પલટો આવ્યો હતો. જિલ્લા મથક ભુજ સહિત આસપાસના વિસ્તારમાં જોરદાર વરસાદના ઝાપટા પડ્યા હતા. જ્યારે જિલ્લાના માંડવી, મુન્દ્રા અને અબડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પણ કમોસમી વરસાદની માર પડતા ખેડૂત વર્ગમાં ચિંતાનો માહોલ ઉભો થયો છે. ખાસ કરીને મગફળી અને કપાસના તૈયાર પાક માટે વરસાદ નુકશાનકારક સાબિત થઈ રહ્યો હોવાનું ખેડૂતનું કહેવું છે.

કંટ્રોલ રૂમ પાસેથી અમને મળેલા આંકડા મુજબ આજે ભુજ તાલુકામાં 19 મિલિમિટર જ્યારે અબડાસામાં 5 મિલિમિટર વરસાદ નોંધાયો છે.

**(NP/અશરફ નથવાણી)**

---

## લોક રક્ષક અને PSIની શારીરીક કસોટી

લોકરક્ષક અને PSI ની ભરતીમાં આગામી 25 નવેમ્બર આસપાસ શારીરિક કસોટી લેવામાં આવશે. PSI માટે ઉમેદવારી કરી હશે તેમની પહેલા શારીરિક

RNGBHUJ

પરીક્ષા લેવામાં આવશે. ત્યારબાદ લોક રક્ષક માટેના ઉમેદવારોની શારીરિક પરીક્ષા લેવામાં આવશે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------------

## સેવાસેતુ

નગરપાલિકા વિસ્તારના જુદા જુદા વોર્ડોમાં "સેવા સેતુ" ના દશમા તબ્બકાનો કાર્યક્રમ યોજવાનું નકકી કરાયું છે, જે મુજબ ગાંધીધામ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નં.3 થી 9 અને 11 થી 13 નો "સેવા સેતુ" કાર્યક્રમ ગઈકાલે ડીસી-5 પંડીત દિનદયાલ ઉપાધ્યાય હોલ મધ્યે યોજાયો હતો જેમાં જેમાં જુદી જુદી કચેરીઓને લગતી કુલ્લ–409 અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. દરમ્યાન અબડાસા તાલુકાના જખૌ ખાતે પણ સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આવેલ કુલ 2008 અરજીઓના પ્રશ્નો નિકાલ  કરાયો હતો.સુ

**(NP/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------------

## હેલ્મેટ

રાજ્ય સરકાર દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જેમાં રાજ્યના દરેક સરકારી કર્મચારીએ હેલ્મેટ ફરજિયાત પહેરવું પડશે. સરકારી કચેરીમાં ટુ-વ્હીલર લઈને આવતા કર્મચારીએ હેલ્મેટ નહિ પહેરેલ હોય તો પ્રવેશ નહિ આપવામાં આવશે નહિ. આ ઉપરાંત બાઈકની પાછળ બેઠેલા વ્યક્તિએ પણ ફરજિયાત હેલ્મેટ પહેરવું પડશે. આ કામ માટે કચેરીમાં પોલીસની જરૂર હશે તો તેની પણ ફાળવણી કરવામાં આવશે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------------

RNU BHUJ